**માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ હેઠળની જોગવાઈઓના ચૂસ્ત પાલન કરવા તથા સમીક્ષા બેઠક યોજવા બાબત...**

## –:: પરિપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ અપીલ અધિકારી અને જાહેર માહિતી અધિકારીશ્રીઓને માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ હેઠળની નીચે મુજબની સુચનાઓનું ચૂરત પણે પાલન કરવા જણાવવામાં આવે છે.

૧. અત્રેની યુનિવર્સિટીના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓએ તેમની કચેરીનો તમામ રેકોર્ડ માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના કાયદાની કલમ ૪(૧)(ક) ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટરાઈઝડ તેમજ યોગ્ય પત્રક સ્વરૂપમાં નિભાવવા.

૨. માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના કાયદાની કલમ ૪(૧)(ખ) ની જોગવાઈ મુજબ મુદ્દા નં. ૧ થી ૧૭ની માહિતી દર વર્ષે ૧–મે ની સ્થિતિએ દરેક જાહેર માહિતી અધિકારીશ્રીઓએ સ્વયં જાહેર કરવાની બાબતો(પ્રોએક્ટિવ ડીસ્કલોઝર) (P.A.D.)ની અદ્યતન માહિતી તૈયાર કરી ઈન્ટરનેટ પર પ્રસિધ્ધ કરવાની રહેશે. અને વર્ષ દરમ્યાન કોઈપણ ઈવેન્ટ હોય તો તેને અદ્યતન કરવાની જવાબદારી જે તે માહિતી અધિકારીશ્રીઓની રહેશે. તેમજ અત્રેથી નિમવામાં આવેલ અપીલ અધિકારીશ્રીઓએ તેમના જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફથી પ્રસિધ્ધ કરેલ પ્રોએક્ટિવ ડીસ્કલોઝર (P.A.D.) નું ઈન્સ્પેકશન–કમ–ઓડીટ કરવાનું રહેશે.

૩. માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ના કાયદાની કલમ–૭ મુજબ તમામ અરજીઓનો યોગ્ય નિકાલ કરવો તથા સદર કામગીરી સરળતાથી થાય તે હેતુ થી અત્રેથી નિમવામાં આવેલ અપીલ અધિકારીશ્રીઓએ તેમના જાહેર માહિતી અધિકારીશ્રીઓ સાથે દર મહિને એક સમીક્ષા બેઠક યોજવી અને આ બેઠકમાં જે તે મહિનામાં આવેલ અરજીઓની નિયમોનુંસાર નિકાલ થાય તે માટે જાહેર માહિતી અધિકારીઓને યોગ્ય માર્ગદર્શન આપવું.

૪. માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ આવતી અપીલ અરજી માટે દર ત્રણ મહિને એક સમીક્ષા બેઠક યોજવામાં આવશે. (જાન્યુઆરી થી માર્ચ માસની બેઠક એપ્રિલ માસમાં, એપ્રિલ થી જૂન માસની બેઠક જુલાઈ માસમાં, જુલાઈ થી સપ્ટેમ્બર માસની બેઠક ઓકટોબર માસમાં અને ઓકટોબર થી ડીસેમ્બર માસની બેઠક જાન્યુઆરી માસમાં યોજવામાં આવશે જેનો સમય અને તારીખ અગાઉથી જણાવવામાં આવશે.) સદર સમિક્ષા બેઠકમાં તમામ અપિલ અધિકારીશ્રીઓએ હાજર રહેવાનું રહેશે તેમજ તેમના તાબા હેઠળના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓને મળેલ અરજીઓ, તે અન્વયે કરવામાં આવેલ કાર્યવાહી, પ્રથમ અપીલ અને તેના નિકાલ માટે થયેલ કાર્યવાહી આમ તમામ સાધનિક રેકોર્ડ સહિત બેઠકમાં હાજર રહેવું. તેમજ જાહેર માહિતી અધિકારીશ્રીઓ સાથે થયેલ દર માસની સમીક્ષા બેઠકનો અહેવાલ માન. કુલપતિશ્રી સમક્ષ રજુ કરવાનો રહેશે.

માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર સદર પરિપત્રનો અમલ ચુસ્ત પણે કરવાનો રહેશે.

કુલસચિવ

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/RTI/ ૬૨૬૭–૬૩૩૬/૨૦૧૪.
નવસારી. તારીખઃ૦૩/૦૬/૨૦૧૪.

**નકલ સવિનય રવાનાઃ–**

૧. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ અપીલ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું.